પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

વર્ષ : ૨૯ અંક : ૧૮૧ કુલ પાના : ૪ તારીખ : ૨૬-૦૩-૨૦૨૬ ગુરુવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પશ્ચિમ એશિયા કટોકટી વચ્ચે, સરકારે ખાતરી આપી છે કે દેશમાં પીએનજી અને સીએનજીનો 100% પુરવઠો સુનિશ્ચિત છે.

નવીદિલ્હી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે, સરકારે આંતર-મંત્રીસ્તરીય પ્રેસ કોન્ફરન્સ દરમિયાન દેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠાની સ્થિતિ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી. મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે દેશમાં પાઈપ્ડ નેચરલ ગેસ અને સીએનજીનો પુરવઠો પ્રાથમિકતાના ધોરણે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે.

આંતર-મંત્રીમંડળની બ્રીફિંગમાં, સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ઘરેલુ પીએનજી જોડાણો માટે ૧૦૦ ટકા ગેસ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે. વધુમાં, પરિવહન ક્ષેત્રમાં વપરાતા સીએનજીની માંગ પણ સંપૂર્ણપણે પૂર્ણ થઈ રહી છે.



તેણીએ કહ્યું કે સરકાર પીએનજી નેટવર્કના વિસ્તરણ પર વિશેષ ધ્યાન આપી રહી છે અને આ દિશામાં અનેક પગલાં લેવામાં આવ્યા છે. ગ્રાહકોને આકર્ષવા માટે, ઘણી કંપનીઓએ ૫૦૦ સુધીનો મફત ગેસ અને સુરક્ષા ડિપોઝિટ માફી સહિત પ્રોત્સાહક યોજનાઓ શરૂ કરી છે.

ઉપરાંત, રાજ્ય સરકારોને પત્રો લખીને ઉર્જા પુરવઠાને વધુ મજબૂત બનાવવા માટે વધારાના ૧૦ ટકા વાણિજ્યિક એલપીજી પ્રદાન કરવા જણાવ્યું છે. સરકાર કહે છે કે આ પગલાં સ્વચ્છ ઈંધણના ઉપયોગને પ્રોત્સાહન આપશે અને ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડશે.

શર્માએ જણાવ્યું હતું કે ૨૧મી તારીખે સરકારે વાણિજ્યિક એલપીજી ક્વોટા ૨૦ ટકાથી વધારીને ૫૦ ટકા કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકારોને ઢાબા, હોટલ, ઔદ્યોગિક કેન્ટીન, સમુદાય રસોડા અને સરકારી સબસિડીવાળી કેન્ટીનને પ્રાથમિકતા આપવા વિનંતી કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે ૫ કિલોગ્રામના સિલિન્ડરના વિતરણમાં સ્થળાંતરિત કામદારોને પ્રાથમિકતા આપવામાં આવી છે. આ પગલાંના પરિણામે, ૨૬ રાજ્યોએ અત્યાર સુધીમાં આશરે ૨૨,૦૦૦ ટન વાણિજ્યિક એલપીજી ફાળવ્યું છે. આ ફાળવણી રાજ્ય સરકારો અને તેલ માર્કેટિંગ કંપનીઓ બંને દ્વારા સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી રહી છે.

સરકારના જણાવ્યા અનુસાર, આ સંયુક્ત પ્રયાસોના પરિણામે, ફક્ત ગઈકાલે જ આશરે ૩૦,૦૦૦ ૫ કિલોગ્રામના સિલિન્ડરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરકાર જણાવે છે કે આ પગલાં જરૂરિયાતમંદોને ગેસની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી રહ્યા છે અને સરળ પુરવઠા વ્યવસ્થા જાળવી રહ્યા છે.

રસોઈ ગેસ સપ્લાય અંગે સરકાર નવા આદેશ કહે છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી લડાઈ વચ્ચે, દેશ એલપીજી કટોકટીનો સામનો કરી રહ્યો છે. દરમિયાન, સરકારે એક આદેશ જારી કર્યો છે. આ મુજબ, જો પીએનજી ઍક્સેસ ધરાવતા વિસ્તારમાં ગ્રાહક પીએનજી કનેક્શન મેળવતો નથી, તો અધિકૃત એજન્સી દ્વારા સૂચના આપ્યાના ત્રણ મહિના પછી ગ્રાહકના ઘરે એલપીજી સપ્લાય સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ભારત એલપીજીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યું છે. ગલ્ફ દેશોમાં ગેસ લિક્વિફેક્શન સુવિધાઓને નુકસાન થયું છે, અને હોર્મુઝ સ્ટ્રેટમાં વારંવાર અવરોધો આવી રહ્યા છે. પરિણામે, સરકાર એક જ બળતણ પર નિર્ભરતા ઘટાડવા માટે બળતણ વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપી રહી છે. પ્રાથમિક ઉદ્દેશ્ય શહેરી વિસ્તારોમાંથી એલપીજી પુરવઠો મુક્ત કરવાનો છે જ્યાં પાઈપલાઈન્સ અસ્તિત્વમાં છે, જેથી આ સિલિન્ડરોને દૂરના વિસ્તારોમાં પરિવહન કરી શકાય જ્યાં પાઈપલાઈન માળખાનો અભાવ છે.

નવા નિયમો હાઉસિંગ સોસાયટીઓની મનસ્વી ક્રિયાઓને પ્રતિબંધિત કરે છે. એક્સેસ કંટ્રોલ સંસ્થાઓએ ત્રણ કાર્યકારી દિવસોમાં પરવાનગી આપવી પડશે અને ૪૮ કલાકની અંદર એન્ડ-ટુ-એન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવી પડશે. આવા વિસ્તારોમાં પાઈપલાઈન અરજીઓ નકારી શકાતી નથી. જો કોઈ હાઉસિંગ કોમ્પ્લેક્સ પરવાનગીનો ઈનકાર કરે છે, તો નોટિસ જારી કરવામાં આવશે, અને ત્રણ મહિના પછી, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સમગ્ર કોમ્પ્લેક્સમાં એલપીજી સપ્લાય કાપી નાખશે. વિવાદો ઉકેલવા માટે નિયુક્ત અધિકારીઓને સિવિલ કોર્ટ જેવી સત્તાઓ આપવામાં આવી છે.

પાઈપલાઈન નાખવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે, જાહેર અધિકારીઓએ નિર્ધારિત સમયમર્યાદામાં પરવાનગી આપવી પડશે; જો તેમાં નિષ્ફળ જવાથી મંજૂરી આપમેળે મંજૂર થઈ જશે. વધુમાં, ગેસ વિતરણ કંપનીઓએ મંજૂરી મળ્યાના ચાર મહિનાની અંદર કામ શરૂ કરવું પડશે, નહીં તો દંડ અથવા પ્રાદેશિક વિશિષ્ટતા ગુમાવવાનો સામનો કરવો પડશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ નિયમનકારી બોર્ડ આ નિયમો લાગુ કરવા અને દેખરેખ રાખવા માટે જવાબદાર છે.

પેટ્રોલિયમ સચિવ નીરજ મિત્તલે જણાવ્યું હતું કે આ સરળ-કામ-વ્યવસાય સુધારાઓ કુદરતી ગેસનો વિસ્તાર કરીને આ કટોકટીને તકમાં પરિવર્તિત કરી શકે છે. આ સરકારનું પગલું ભારતની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવા અને અર્થતંત્રને વૈશ્વિક આંચકાઓથી બચાવવાના હેતુથી એક આક્રમક નીતિગત પરિવર્તન છે. આ ફક્ત ગેસ નેટવર્કને ઝડપથી વિસ્તૃત કરશે નહીં પરંતુ એવા વિસ્તારોમાં રસોઈ ગેસની ઉપલબ્ધતા પણ સુનિશ્ચિત કરશે જ્યાં તે હજુ સુધી પહોંચ્યું નથી.

## રાજકોટમાં એક્સ વિદ્યાર્થીએ ભૂતપૂર્વ શિક્ષિકાને પ્રેમમાં ફસાવી! ચારધામ, થાઈલેન્ડ સાથે ફરવા ગયા અનેકવાર દુષ્કર્મ આચર્યું

રાજકોટ

શહેરના રૈયા રોડ નજીક રહેતી ૩૮ વર્ષીય ભૂતપૂર્વ શિક્ષિકા તેમજ ત્યકતા દ્વારા રાજકોટ શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે બીએનએસની કલમ ૬૪ (૨)(એમ), ૬૯, ૩૧૬(૨) સહિત પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ પૂર્વ પ્રેમી ધ્રુવલ દેસાઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

પોલીસને આપેલી ફરિયાદમાં ભૂતપૂર્વ શિક્ષિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૨-૧૩ માં પોતે શિક્ષિકા તરીકે નોકરી કરતી હતી. તે સમયે ધ્રુવલ દેસાઈ નામનો વિદ્યાર્થી સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. ત્યારબાદ બંને ફેસબુક ફ્રેન્ડ બન્યા હતા. તેમજ વર્ષ ૨૦૨૪ માં ધ્રુવલ દેસાઈએ પ્રથમ વખત પોતાની ભૂતપૂર્વ શિક્ષિકાને ફેસબુકના માધ્યમથી મેસેજ કરીને તમે કેમ છો? તમે કઈ જગ્યાએ નોકરી કરો છો સહિતની પૂછપરછ કરી હતી. ત્યારબાદ બંને વચ્ચે ફેસબુકના માધ્યમથી વાતચીત થઈ હતી. તેમજ થોડા દિવસો બાદ બંને દ્વારા એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે પણ કરવામાં આવી હતી.

તેમજ ભૂતપૂર્વ શિક્ષિકાએ ધ્રુવલને જણાવ્યું હતું કે, મારા પતિ સાથે મારા છૂટાછેડા થઈ ચૂક્યા છે. તેમજ મારા દીકરાની કસ્ટડી પણ તેમની પાસે છે. પોતાની ભૂતપૂર્વ શિક્ષિકા સાથે ફરી પાછો પરિચયમાં આવતા ધ્રુવલ દ્વારા શારીરિક સંબંધ બાંધવા માટે જણાવ્યું હતું. જેથી ભૂતપૂર્વ શિક્ષિકાએ ધ્રુવલને જણાવવામાં આવ્યું હતું કે, હું લગ્ન વગર કે મારા માતા-પિતાની મરજી વગર આગળ વધીશ નહીં. ત્યારે ધ્રુવલે પોતાની ભૂતપૂર્વ શિક્ષિકા અને પ્રેમિકાને જણાવ્યું હતું કે તમે મને બહુ ગમો છો. આપણે બંને એકબીજાના માતા-પિતા સાથે વાત કરી લઈશું, તેમજ મારે તમારી સાથે લગ્ન કરવા છે તે પ્રકારનો વાયદો પણ આપવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૪ ના જુલાઈ મહિનાથી ધ્રુવલ દ્વારા પોતાની ભૂતપૂર્વ શિક્ષિકા અને પ્રેમિકા સાથે શારીરિક સંબંધની શરૂઆત પણ કરી હતી. શારીરિક સંબંધ ક્યારેક પોતાની ભૂતપૂર્વ પ્રેમિકાના ઘરે તો ક્યારેક પોતાના ઘરે બાંધવામાં આવતા હતા. તેમજ ૨૦૨૫ માં રાજકોટ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતી હોટલ ખાતે પણ શારીરિક સંબંધ બાંધ્યા હતા. ૨૦૨૫ ના અંત સુધીમાં ભૂતપૂર્વ શિક્ષિકા જ્યારે જ્યારે ધ્રુવલને લગ્ન બાબતે વાતચીત કરતી હતી. ત્યારે તે કોઈ બહાનું બતાવતો હતો. જે બાદ ધ્રુવલે કહ્યું હતું કે તું મારા કરતાં ઉંમરમાં મોટી છો અને સંતાનમાં એક દીકરો પણ છે. ત્યારબાદ ધ્રુવલે પોતાની ભૂતપૂર્વ શિક્ષિકા અને પ્રેમિકાની જાણ બહાર અન્ય યુવતી સાથે સગાઈ પણ કરી લીધી હતી. તેમજ ત્યારબાદ ભૂતપૂર્વ શિક્ષિકા સાથે સંબંધ રાખવાનું પણ બંધ કરી દીધું હતું. તેમજ તેણીના ફોન તેમજ મેસેજનો પણ જવાબ આપવાનું બંધ કરી દીધું હતું.

પોલીસને આપેલી ફરિયાદમાં ૩૮ વર્ષીય ભૂતપૂર્વ શિક્ષિકાએ જણાવ્યું છે કે રિલેશનશિપ દરમિયાન ધ્રુવલે મારી પાસેથી છ લાખ રૂપિયા તેમજ સોનાના દાગીના સમયાંતરે લીધા હતા. જે આજ દિવસ સુધી પરત નથી કર્યા. ધ્રુવલને જ્યારે જ્યારે પૈસાની જરૂરિયાત પડતી હતી ત્યારે તે પોતાની ભૂતપૂર્વ શિક્ષિકા-પ્રેમિકા પાસેથી રોકડ, તેમજ ઓનલાઈન માધ્યમથી પૈસા મેળવતો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૬ ના જાન્યુઆરી મહિનામાં ભૂતપૂર્વ શિક્ષિકાએ ધ્રુવલ દેસાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધવા બાબતે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે અરજી કરવામાં આવી હતી. જોકે મહિનાઓ સુધી ગાંધીગ્રામ પોલીસ દ્વારા અરજી-અરજીની રમત રમવામાં આવી હતી. તેમજ અરજી મળ્યાના અઢી મહિના બાદ આખરે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. અઢી વર્ષ સુધી પોતાની ભૂતપૂર્વ શિક્ષિકા તેમજ પ્રેમિકા સાથે શારીરિક સંબંધ બાંધ્યા બાદ ધ્રુવલ દેસાઈએ તેણીને કહ્યું હતું કે હું તને ઓળખતો પણ નથી. તેમજ તે મને ક્યારેય રૂપિયા પણ આપ્યા નથી! વર્ષ ૨૦૨૫ માં ધ્રુવલ પોતાની ભૂતપૂર્વ શિક્ષિકા અને પ્રેમિકાની માતાને પણ મળ્યો હતો. તે સમયે હું તમારી દીકરી સાથે લગ્ન કરવા માંગુ છું, તેમજ ઓસ્ટ્રેલિયા ખાતે અમે સાથે રહેવા માંગીએ છીએ તેવું જણાવવામાં પણ આવ્યું હતું. તેમજ વર્ષ ૨૦૨૫ માં બંને થાઈલેન્ડ ફરવા પણ ગયા હતા. તો ચારધામની યાત્રા પણ સાથે કરી હતી. તેમજ અગાઉ ધ્રુવલની માતાએ ભોગ બનનાર ભૂતપૂર્વ શિક્ષિકાને ફોન કરીને તે મારા છોકરાને ફસાવ્યો છે. તેવું પણ જણાવ્યું હતું.

## અગ્નિવીરો માટે ૨૦ ટકા નોકરી અનામતની ભલામણ, ગૃહમંત્રીએ વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખ્યો

નવીદિલ્હી

૨૦૨૭ માં અગ્નિવીરોની પ્રથમ બેચ તેમનો ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરે તે પહેલાં, કેન્દ્ર સરકારે રાજ્યોમાં રોજગારની તકો પર ભાર મૂક્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને સરકારી ભરતીમાં અગ્નિવીરો માટે ઓછામાં ઓછા ૨૦ ટકા અનામતની ભલામણ કરી છે. ગૃહમંત્રી અમિત શાહના નામે જારી કરાયેલ આ પત્ર સીધો મુખ્યમંત્રીઓને સંબોધિત છે.



પત્રમાં જણાવાયું છે કે, ભૂતપૂર્વ સૈનિકોની જેમ, અગ્નિવીરોને પણ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં તકો આપવી જોઈએ, જેથી ૨૦૨૭ માં સેવા પૂર્ણ કરનાર પ્રથમ બેચ પાસે પૂરતા રોજગાર વિકલ્પો હોય. પત્ર મળ્યા પછી, હિમાચલ પ્રદેશ સૈનિક કલ્યાણ વિભાગે પણ આ સંદર્ભમાં રાજ્ય સરકારને વિગતવાર અહેવાલ મોકલ્યો છે. હવે, રાજ્ય સરકારના સ્તરે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

ગૃહ મંત્રાલયે ખાસ કરીને વન રક્ષકો, ખાણકામ રક્ષકો, પોલીસ કોન્સ્ટેબલ, ફાયરમેન, માઉન્ટેડ પોલીસ, જેલ વોર્ડન, સ્પેશિયલ પોલીસ ઓફિસર અને એસડીઆરએફ જેવા પદોમાં ૨૦% અનામત રાખવાની માંગ કરી છે. આનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે શિસ્તબદ્ધ અને તાલીમ પામેલા અગ્નિવીર (અગ્નિશામક સૈનિકો) ની સેવાઓ રાજ્યોની કાયદો અને વ્યવસ્થા અને આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલીઓને લાભ આપી શકે. દેશભરના ઘણા રાજ્યોએ આ દિશામાં પગલાં લીધાં છે. હરિયાણા ગણવેશધારી સેવાઓમાં અગ્નિવીર (અગ્નિશામક સૈનિકો) માટે અનામત લાગુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે. પોલીસ, ખાણકામ રક્ષકો, જેલ વોર્ડન, સ્પેશિયલ પોલીસ ઓફિસર અને ગ્રુપ સી પોસ્ટ્સમાં આ જોગવાઈ કરવામાં આવી છે.

ઉત્તરાખંડે પોલીસ અને અન્ય ગણવેશધારી સેવાઓમાં પણ અનામતની જાહેરાત કરી છે. બહાદુરોની ભૂમિ તરીકે ઓળખાતા હિમાચલ પ્રદેશમાં, મોટી સંખ્યામાં યુવાનો ત્રણેય સશસ્ત્ર દળોમાં અગ્નિવીર તરીકે સેવા આપી રહ્યા છે. પરિણામે, પ્રથમ બેચના પાછા ફર્યા પછી તેમની રોજગારીની સંભાવનાઓ રાજ્ય સરકારના નિર્ણય પર નિર્ભર રહેશે. જ્યારે કેન્દ્ર સરકારે પહેલાથી જ અર્ધલશ્કરી દળોમાં તકો પૂરી પાડી છે, રાજ્ય સેવાઓમાં અનામત યુવાનો માટે વધુ વિકલ્પો પ્રદાન કરશે.

હિમાચલ પ્રદેશના સૈનિક કલ્યાણ વિભાગના બ્રિગેડિયર મદનશીલ શર્મા (નિવૃત્ત), ડિરેક્ટરે જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલય તરફથી એક પત્ર મળ્યો છે. આ પત્રમાં ૨૦૨૭ માં પોતાનો કાર્યકાળ પૂર્ણ કરી રહેલા અગ્નિવીરો માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ૨૦ ટકા અનામત લાગુ કરવાની ભલામણ કરવામાં આવી છે. આ સંદર્ભમાં રાજ્ય સરકારને એક વિગતવાર અહેવાલ મોકલવામાં આવ્યો છે.




## મધ્યાહન ભોજનના નાસ્તાનું મેનુ બદલાયું, ૩૮.૫૦ લાખ વિદ્યાર્થીઓને પ્રોટીન-વિટામિનથી ભરપૂર નવો નાસ્તો મળશે

ગાંધીનગર

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે રાજ્યના ૩૮.૫૦ લાખ વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને એક મોટો નિર્ણય લીધો છે. મધ્યાહન ભોજન યોજના હેઠળ વર્ષોથી અપાતી પરંપરાગત સુખડી હવે ભૂતકાળ બનશે. તેના સ્થાને હવે વિદ્યાર્થીઓને પોષણથી ભરપૂર 'શ્રી અન્ન (મિલેટ) સુખડી' આપવામાં આવશે. 'ફિટ ઈન્ડિયા મુવમેન્ટ'ને વેગ આપવા માટે આ મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે.ગુજરાત સ્થાનિક સમાચાર

નવા નિર્ણય મુજબ, હવે બાળકોને માત્ર પેટ ભરીને ભોજન જ નહીં, પરંતુ પ્રોટીન, વિટામિન અને મિનરલ્સથી સભર આહાર મળશે. દેશી અનાજ (મિલેટ્સ) ને પ્રોત્સાહન આપવા અને બાળકોમાં કુપોષણ દૂર કરવા માટે મુખ્યમંત્રી અલ્પાહાર (નાસ્તો) યોજનાના મેનુમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

બાજરી અને જુવાર જેવા પૌષ્ટિક મિલેટ્સમાંથી તૈયાર કરેલી શ્રી અન્ન સુખડી ઉપરાંત, નવા સાપ્તાહિક મેનુમાં પ્રોટીન અને મિનરલ્સનું પ્રમાણ જળવાય તેવી સંતુલિત આહારની વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં નાનપણથી જ પૌષ્ટિક ખોરાક લેવાની આદત કેળવીને તેમને સ્વસ્થ જીવનશૈલી તરફ વાળવાનો છે.

ગુજરાતમાં મધ્યાહન ભોજન યોજનાની શરૂઆત વર્ષ ૧૯૮૪માં થઈ હતી. આ યોજનામાં કેન્દ્ર સરકારનો ૭૫% અને રાજ્ય સરકારનો ૨૫% હિસ્સો હોય છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને અભ્યાસના દિવસોમાં મફત પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને કુપોષણમુક્ત બનાવી તેમને પોષણક્ષમ ભોજન આપીને તેમના પોષણ સ્તરમાં સુધારો લાવવાનો છે. આ ઉપરાંત, ગરીબ વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત આવે અને શિક્ષણ પ્રત્યે રસ લેતા થાય તે માટે હાજરીમાં વધારો




કરવાનો પણ લક્ષ્યાંક છે. આર્થિક મુશ્કેલીને કારણે બાળકો અધવચ્ચે અભ્યાસ ન છોડે તે જોઈને ડ્રોપ-આઉટ રેટ ઘટાડવો અને સાથે જ ગ્રામીણ વિસ્તારોમાં રસોઈયા તેમજ મદદનીશો દ્વારા સ્થાનિક રોજગારી પૂરી પાડવી એ પણ આ યોજનાના મહત્વના હેતુઓ છે.શિક્ષણ વિભાગના આ નિર્ણયથી વાલીઓમાં પણ ખુશીની લહેર જોવા મળી રહી છે, કારણ કે હવે તેમના બાળકોને શાળામાં જ શુદ્ધ અને પૌષ્ટિક નાસ્તો મળશે.

## રામ નવમી પર સીએમ યોગીનો મોટો નિર્ણય: ૨૬મી તારીખની સાથે ૨૭ માર્ચે પણ રજા રહેશે

લખનૌ

યોગી સરકારે રામ નવમી પર એક મોટો નિર્ણય લીધો છે. ભક્તોની મોટી ભીડ અને તેમની શ્રદ્ધાને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રી યોગીએ રજા લંબાવી છે. હવે, ૨૬ માર્ચ ઉપરાંત, ૨૭ માર્ચે પણ ઉત્તર પ્રદેશમાં જાહેર રજા રહેશે. મંદિરોમાં ભીડ એકઠી થાય તે માટે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૬ માર્ચે અગાઉ નિર્ધારિત રજા ઉપરાંત, સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો અને બેંકો હવે બીજા દિવસે પણ બંધ રહેશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ નિર્ણય મુખ્યત્વે અયોધ્યા સહિત રાજ્યના તમામ મુખ્ય શક્તિપીઠો અને મંદિરોમાં ભક્તોની મોટી ભીડને ધ્યાનમાં રાખીને લીધો છે. વહીવટીતંત્રનું માનવું છે કે રામ નવમી પર લાખો ભક્તો અયોધ્યામાં આવે છે. તેથી, સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા અને દર્શન દરમિયાન ભક્તોને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે તે માટે રજા લંબાવવી જરૂરી હતી. જનતાએ પણ સરકાર પાસે આ માંગણી કરી હતી.

યોગી સરકારની આ જાહેરાત બાદ, રાજ્યના લોકોને લાંબો સપ્તાહાંત મળી રહ્યો છે. ૨૬ માર્ચ (ગુરુવાર): અષ્ટમી અને રામ નવમી માટે રજા., ૨૭ માર્ચ (શુક્રવાર): રામ નવમી માટે જાહેર રજા., ૨૮ માર્ચ (શનિવાર): મહિનાનો ચોથો શનિવાર (બેંકો અને ઘણી ઓફિસો બંધ). ૨૯ માર્ચ (રવિવાર): સાપ્તાહિક રજા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દે.બારિયા તાલુકાના રેબારી ગામે હોળી ફળિયાની ઘટના

**ભણવા બાબતે માતાએ કરેલ ટકોર ને કારણે ૧૭ વર્ષીય કિશારીએ કુવામાં પડતું મૂકી મોત વ્હાલું કર્યું.**

દાહોદ,

દેવગઢ બારીયાના રેબારી ગામે હોળી ફળિયામાં બનેલી એક દુઃખદ ઘટનામાં ભણવા બાબતે માતાએ ટકોર કરતા ૧૭ વર્ષીય વિદ્યાર્થીનીએ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ઘરની પાછળ આવેલ કૂવામાં પડતું મૂકી મોત વ્હાલું કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢ બારિયા સુશુકા દિપલોડ એવશ્વ વિસ્તારમાં રેબારી હોળી ફળિયામાં રહેતા ભોપતભાઈ દલુભાઈ બારીયાની ગત અઠવાડિયે પીપલોદ રેબારી ગામે ગઈ હતી. ભોપતભાઈ બારીયાના ગામ બે મકાનો હોઈ તે પૈકીના જુના ઘરે પુષ્પાબેન ગઈ હતી અને મોબાઈલમાં ચાર્જિંગ કરતા તેની માતાએ જોઈ લેતા તેની માતાએ ભણવા બાબતે ટકોર કરી હતી. જેથી તેણીને મનમાં લાગી આવતાં ગત ૧૮-૦૩-૨૦૨૬ નારોજ સાંજના સાડા સાત વાગ્યાના સમારે કોઈને કહ્યા વગર ઘરેથી જતી રહી હતી અને તેના ઘરની પાછળના ભાગે આવેલ કુવામાં પડતું મુકતા મોત નિપજ્યું હતું. જેની લાશ ઘરના પાછળના ભાગે આવેલ કુવામાંથી મળી આવી હતી.

આ સંબંધે મરણ ના પિતા દલુભાઈ બારીયાએ પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

# દાહોદના ભીંટોડી ગામ પાસે બાઈક પર બેઠેલ ઈસમોએ ક્રુઝર ગાડી ઉપર હુમલો કરતાં ફરિયાદ

દાહોદ,

ઉચવાણીયા ગામના ઈસમોની ક્રુઝર ગાડી પર હુમલોઃ એકને નુકસાન ઈજાઃ ક્રુઝર ગાડીને ગા ભાઈઓએ પોતાની મોટરસાયકલ પર આવી જોગાભાઈ ની છોકરી પરણાવ્યા બાદ છોકરીને તેના સાસરે ન મોકલતા સર્જાયેલા વિવાદો વચ્ચે ગઈકાલે દાહોદથી ઉચવાણીયા જવા નીકળેલા છોકરી પક્ષના માણસોની ક્રુઝર ગાડીને ભીટોડી ગામે અમદાવાદ ઈન્દોર હાઈવે પર રોકી છૂટ્ટો પથ્થર મારી તથા ગડદાપાટુનો માર મારી તથા ગાડી પર છુટ્ટા પથ્થરો મારી ક્રુઝર ગાડીને નુકસાન પહોંચાડ્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

વિગત અનુસાર દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામે હુમાલ ફળિયામાં રહેતા જોગાભાઈ ગમીરભાઈ ભુરીયા તથા તેમની સાથેના અન્ય માણસો બે દિવસ અગાઉ તારીખ ૨૩-૦૩-૨૦૨૬ ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના સમારે ક્રુઝર ગાડીમાં બેસી દાહોદથી ઉચવાણીયા ગામે જવા નીકળ્યા હતા. તે દરમિયાન રસ્તામાં અમદાવાદ ઈન્દોર હાઈવે પર આવેલ દાહોદ તાલુકાના ભીટોડી ગામે રોડ પર મોટર સાયકલ લઈને આવેલા ભીટોડી ગામના ડામોર પરિવારના રાજેન્દ્રભાઈ દિલીપભાઈ, અજય ભાઈ દિલીપભાઈ તેમજ રણજીતભાઈ દિલીપભાઈ એમ ત્રણેય ભુરીયાની ક્રુઝર ગાડી રોડ પર ઉભી રખાવી, બેફામ ગાળો બોલી, તમારી છોકરીને કેમ મોકલતા નથી? તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ રાજેન્દ્રભાઈ દિલીપભાઈ ડામોરે જોગાભાઈ ગમિરભાઈ ભુરીયાને માથામાં છૂટો પથ્થર મારી માથું લોહી લુહાણ કરી ઈજા પહોંચાડી હતી તેમજ અજયભાઈ દિલીપભાઈ ડામોર તથા રણજીતભાઈ દિલીપભાઈ ડામોરે જોગાભાઈ ભુરિયાને ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. જયારે રાજેન્દ્રભાઈ ડામોરે છૂટ્ટા પથ્થરો મારી ક્રુઝર ગાડીને નુકસાન પહોંચાડ્યું હતું.

આ સંબંધે ઉચવાણીયા ગામના ઈજાગ્રસ્ત જોગાભાઈ ગમીરભાઇ ભુરીયાએ કતવારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા કતવારા પોલીસે આ મામલે ભીટોડી ગામના રાજેન્દ્રભાઈ દિલીપભાઈ ડામોર, અજયભાઈ દિલીપભાઈ ડામોર તથા રણજીતભાઈ દિલીપભાઈ ડામોર વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૧૫(૧),૧૨૫(૧), ૩૫૧,૫૪, ૩૨૪(૪) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે

# દે.બારીયા તાલુકા મધ્યાહન ભોજનના કેન્દ્રો પર દાળ-ભાતની વાનગીથી બાળકોને વંચિત કેમ રખાયા છે ???

દે.બારીયા,

દે.બારીયા તાલુકાના મધ્યાહન ભોજન દરેક પ્રાથમિક શાળાના ગરીબ બાળકોને તાજુ રાંધીને બપોરની રીશેષમાઃ ૧.૩૦ કલાકે પીરસવામાં આવતું હોય છે. જેમાં સપ્તાહમાં અલગ અલગ વાનગીઓમાં દાળ-ઢોકળી, ખિચડી, શાક બુધવાર એટલે દાળ-ભાતની વાનગી હોય તો તમામ રજીસ્ટર મુજબના હાજર બાળકો દાળ-ભાતનો શોખથી ખાતા હોય છે અને તમામનો ફેવરેટ મેનું હોય છે. પરંતુ માર્ચ માસથી તમામ કેન્દ્રોમાં દાળનો જથ્થો ઈશ્યુ ન કરાતા લાભાર્થી બાળકોને પોષ્ટીક આહારથી વંચિત રાખવા પાછળ કોણ જવાબદાર છે અને ગરીબ બાળકોનો કોળીયો કોણ છીણવી ગયો છે ? તેની તપાસ તો બને છે. મળતી માહિતી અનુસાર દે.બારીયા તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં ૧૯૮૪ થી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શાળામાં તાજુ ગરમા ગરમ ભોજન બનાવીને પીરસવામાં આવે છે. જેમાં ત્રણ અલગ-અલગ કક્ષાના કર્મીઓ રસોયા-હેલ્પર અને સંચાલકની જગ્યા હોય છે. જેઓ માનદ વેતને કાર્ય કરીને બાળકોને તાજુ ભોજન પીરસતા હોય છે. આ યોજનામાં કઈ ને કઈ રાંધવાની વાનગીમાં દરેક પ્રકારના મળતા જથ્થામાં કમીના સાથે અછત વર્તાતી આવતી હોય છે તો કેન્દ્રના સંચાલકો શું ? કમીને દુર કરે વાનગી સારી અને સ્વાદિષ્ટ બજાવી જોઈએ. તેવો શિક્ષકોનો પહેરો હોય છે અને ઉપલા લેવલેથી આદેશ હોય છે કે પંદરની વસ્તુ કોઈપણ વાપરવી નહિ હાલમાં માર્ચ-૨૦૨૬ના શરૂઆતોથી તુવેર દાળનો જથ્થો કેન્દ્રના સંચાલકોને ઈશ્યુ કરાયો નથી. જેથી પોષ્ટીક આહાર ગરીબ બાળકો વંચિત થયા છે કે પછી મેળાપીપણી કરીને આખા માસની તુવેર દાળનોજ જથ્થો સગેવગે તો નહિ કરાયો હોય તેવું વાલીઓમાં ગણગણાટ થાય છે. સંચાલકો માત્ર એટલું કહે છે ઉપરથી દાળનો જથ્થો આવ્યો નથી. તેથી અમે કશું કરી શકતા નથી શું ? ગ્રાન્ટની અછત કે પછી ટેન્ડરની પ્રક્રિયાના માપદંડ પુરા થયા નથી. ગરીબ બાળકોનો દાળ-ભાતનો કોળીયો કોણે છીનવી લીધો તે યક્ષ પ્રશ્ન છે. બાળકો આવતા માસમાં પરીક્ષા ભુખિયા રહીને કેવી રીતે આપશે. જેથી આ તુવેર દાળના આખા માસમાં ઈશ્યુ કરાય નથી. તે અંગેની તપાસ રાજયનું વિજીલન્સ વિભાગના દ્વારા થાય તો અને બાળકોને પેટ ભરીને અલગ અલગ સપ્તાહમાં મેનુ મુજબની વાનગી મળી રહે તેવા વિજીલન્સ વિભાગ તટસ્થ તપાસ કરે તેવી વાલીઓની માંગ ઉઠવા પામી છે.

# પાવાગઢ યાત્રાધામ ખાતે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે દુકાનો અને હોટલોમાં ચેકીંગ કરી ૨૦ જેટલા નમુના મેળવ્યા

પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ ખાતે ચૈત્રી નવરાત્રીમાં શ્રદ્ધાળુઓના આરોગ્યને દયાનમાં રાખી જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પાવાગઢ તળેટી અને ડુંગર વિસ્તારમાં આવેલ દુકાનો અને હોટલોમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે અને તૈયાર ખોરાક અને મીઠાઈના ૨૦ જેટલા નમુના મેળવી પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાઃ આવ્યા છે.પંચમહાલ જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ચૈત્રી નવરાત્રીને દયાનમાં રાખીને પાવાગઢ યાત્રાધામ ખાતે યાત્રાળુંઓના સ્વાસ્થ્યને દયાનમાં રાખી આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. પાવાગઢ તળેટી અને ડુંગર વિસ્તારમાં આવેલ વિવિધ ખાણી-પીણીની દુકાનો, હોટલોમાં ચેકીંગ કરી તેલ, પાણી,મીઠું, માવા જેવા પદાર્થોનું સ્થળ પર પ્રાથમિક પરિક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તૈયાર ખોરાક અને મીઠાઈના ૨૦ નમુનાઓ મેળવીને પૃથ્થકરણ માટે સરકારી લેબોરેટરી મોકલવામાં આવ્યા છે. લેબોરેટરીના રિપોર્ટ આપ્યા બાદ જો કોઈ ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કે ગુણવત્તાનો અભાવ જણાશે તો સંબંધિત વિક્રેતાઓ વિરૂદ્ધ ફુડ એન્ડ સ્ટાન્ડર્ડ એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ચેકીંગ દરમિયાન વેપારીઓને દુકાન અને રસોડામાં સંપૂર્ણ સ્વચ્છતાનું દયાન રાખવા અને ભવિષ્યમા શુદ્ધ અને ગુણવતા સભર ચીજ વસ્તુઓના વેચાણ માટે સુચના આપવામાં આવી હતી.

# ઝાલોદ પોલીસ રામયાત્રા પૂર્વે એક્શન મોડમાં, નગરમાં ફૂટ માર્ચ સાથે ચુસ્ત બંદોબસ્તની તૈયારીઓ



ઝાલોદ,

ઝાલોદ નગરમાં આવનારી રામયાત્રાને લઈને પોલીસ તંત્ર સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગયું છે. ડી.વાય.એસ.પી ડી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ શહેરના મુખ્ય માર્ગો પર વિશાળ ફૂટ માર્ચ યોજાયો હતો, જેમાં પી.આઈ રવિ ગામીત સહિત પોલીસ સ્ટાફ સક્રિય રીતે જોડાયો હતો.

આ ફૂટ માર્ચનો મુખ્ય હેતુ નગરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનો તેમજ નાગરિકોમાં સુરક્ષાનો વિશ્વાસ ઉભો કરવાનો રહ્યો હતો. પોલીસ દ્વારા રામયાત્રા પસાર થનારા તમામ માર્ગોનું સુક્ષ્મ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરી, ત્યાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.ઝાલોદ પોલીસે રામયાત્રા દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવો ન બને તે માટે આધુનિક તકનીકોનો પણ ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. બોડી કેમેરા, ડ્રોન કેમેરા તેમજ સાદા વેશમાં પોલીસને તૈનાત રાખી સમગ્ર યાત્રા પર ચુસ્ત નજર રાખવામાં આવશે. આ ઉપરાંત, યાત્રાના માર્ગો પર આવેલા દબાણો (એન્ક્રોચમેન્ટ) દૂર રહે તે માટે વેપારીઓ અને દુકાનદારોને આગોતરા સૂચનાઓ આપવામાં આવી છે. માર્ગો ખુલ્લા અને સુગમ રહે તે માટે પોલીસ દ્વારા ખાસ ચકાસણી હાથ ધરવામાં આવી છે. પોલીસ તંત્રએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે રામયાત્રા શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થાય તે માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે અને નાગરિકોએ પણ સહકાર આપવો જરૂરી છે. ઝાલોદ નગરમાં પોલીસની આ સજાગ કામગીરીને કારણે રામયાત્રા નિરાંતે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# દાહોદમાં પશ્ચિમ રેલવે દ્વારા સાપ્તાહીક ચાર જોડી ટ્રેનોની મુદ્દત વધી




દાહોદ,

દાહોદ શહેરમાં રેલવેની કનેક્ટિવિટી સારી છે સાથે અહીંયા રેલવેનું મસ મોટું કારખાનું છે, તો સાથે આવનારા દિવસોમાં નવી રેલ લાઈનો ના નવા જોડાણ પણ થનાર છે. ત્યારે પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ રીતે ચલાવાતી સાપ્તાહિક આઠ જેટલી ટ્રેનની મુદત વધારવામાં આવી છે. આ ટ્રેનોની મુદત વધતા તેનો લાભ મુસાફરોને થશે તે ચોક્કસ વાત છે. પશ્ચિમ રેલવે દ્વારા જણાવાર્યા અનુસાર બાંદ્રા ટર્મિનસથી અજમેર પ્રતિ સોમવાર ચાલતી ટ્રેન ની મુદ્દત તારીખ ૨૭ એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે. અજમેર થી બાંદ્રા ટર્મિનસ ટ્રેન પ્રતિ રવિવાર ચાલે છે, તે ૨૬ એપ્રિલ સુધી, બાંદ્રા ટર્મિનસ થી ભગત કી કોઠી પ્રત્યેક રવિવાર ચાલે છે. તેની ૧૨ જુલાઈ સુધી મુદ્દત લંબાઈ છે, ભગત કી કોઠી થી બાંદ્રા ટર્મિનસ પ્રત્યેક શનિવારે ચાલે છે, જેને ૧૨ જુલાઈ સુધી લંબાવી છે. બાંદ્રા ટર્મિનસ થી જયપુર ટ્રેન પ્રત્યેક સોમવારે ચાલે છે, તેને ૧૩ જુલાઈ સુધી લંબાવી છે. જયપુર થી બાંદ્રા ટર્મિનલ ટ્રેન પ્રત્યેક રવિવાર ચાલે છે, તેને ૧૨ જુલાઈ સુધી લેખાવી છે, તે રીતે વલસાડ થી હિસાર ટ્રેન પ્રત્યેક ગુરૂવારે ચાલે છે, તેને ૧૯ જુલાઈ સુધી અને હિંસાર થી વલસાડ પ્રત્યેક બુધવારે ચાલે છે, તેને ૧૫ જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. આ ચાર જોડી ટ્રેનોની મુદતમાં પશ્ચિમ રેલવે દ્વારા વધારો કરાતા તેનો લાભ મોટી સંખ્યામાં મુસાફરનો થશે.

## બોડેલીમાં વિશ્વ ક્ષય દિવસની ઉજવણીઃતાલુકા હેલ્થ ઓફિસ દ્વારા જાગૃતિ રેલી યોજાઈ




બોડેલી,

બોડેલીમાં વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસ બોડેલી દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી અને જીલ્લા ક્ષય અધિકારીના માર્ગદર્શન હેઠળ આ રેલી યોજાઈ હતી.

આ રેલીમાં બોડેલી તાલુકાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના કર્મચારીઓ જોડાયા હતા. રેલી બોડેલી સેવા સદનથી શરૂ થઈને બોડેલીના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈ તાલુકા હેલ્થ કચેરી બોડેલી ખાતે સમાપ્ત થઈ હતી. જાગૃતિ માટે બેનરો, પોસ્ટરો અને સ્ટીકરો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

ટીબી રોગ કોઈપણ વ્યક્તિને થઈ શકે છે. તેના મુખ્ય લક્ષણોમાં બે અઠવાડિયાથી વધુ ખાંસી, ભૂખ ઓછી લાગવી અને થાક લાગવો શામેલ છે. તેના નિદાન માટે ગળફાની તપાસ અને એક્સ-રે કરાવવો જરૂરી છે. જો રિપોર્ટ પોઝિટિવ આવે તો નિયમિત છ માસ સુધી સારવાર લેવાથી ટીબી સંપૂર્ણપણે મટી શકે છે.

સરકાર દ્વારા ટીબી નાબૂદી માટે આ વર્ષે નવું સૂત્ર આપવામાં આવ્યું છેઃ "હા! આપણે ટીબીનો અંત લાવી શકીએ છીએ, ભારતના નેતૃત્વ અને ભારતના લોકોની શક્તિ દ્વારા." આ સૂત્ર દ્વારા ટીબી મુક્ત ભારત બનાવવાનો સંકલ્પ વ્યકત કરાયો છે.

## દાહોદમાં ઢોર અને કુતરા મુદ્દે કોંગ્રેસ દ્વારા આવેદન દાહોદમાં પાછલા ૧૬ દિવસ થી કોંગ્રેસ દ્વારા પાલિકા ચોકમાં ધરણા કરાઈ રહ્યા છે



દાહોદ,

દાહોદ શહેરની જુની પાલિકા ચોકમાં પાછલા ૧૬ દિવસથી જીલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા શહેરમાં રખડતા ઢોર કુતરા સહિતના મુદ્દે ધરણા કરવામાં આવી રહ્યા છે અને શહેરની આ સમસ્યાનો ત્વરિત નિકાલ કરવા માંગ કરી રહ્યા છે, પરંતુ ૧૬ દિવસ થયા છતાં કોઈ કામગીરી ન થતા જીલ્લા કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદન આપવામાં આવ્યું છે. દાહોદ શહેરમાં રખડતા ઢોર અને કુતરાઓ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેથી શહેરીજનો જીવ બચી શકે આ અગાઉ પણ રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ એના ઉપર કોઈ કામગીરી કરવામાં આવી નથી. જયાં સુધી આ શહેરની સમસ્યાનો અંત ન આવે ત્યાં સુધી અમે પાલિકા ચોકમાં વિરોધ પ્રગટ કરીશું અને જો નિકાલ ન જ આવે તો અમે આમરણાંત ઉપવાસ પણ કરીશું, તેવી ચીમકી કોંગ્રેસ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. દાહોદના પ્રાંત અધિકારી અને વહીવટના તેમજ મામલતદારને આવેદન આપતી વેળા જીલ્લા પ્રમુખ પ્રમુખ હર્ષદભાઈ નીનામા શહેર પ્રમુખ આશિફ ભાઈ સૈયદ શહીત પાર્ટીના નેતા અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરા પોલીસ મથકના વિશ્વાસઘાત ગુનાના વોન્ટેડ આરોપીને પેરોલ સ્કવોર્ડ ઝડપ્યો

શહેરા,

શહેરા પોલીસ મથકના વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચારના ગુનામાં સંડોવાયેલ આરોપી છેલ્લા બે વર્ષથી વોન્ટેડ આરોપી હોય પંચમહાલ પેરોલ સ્કવોર્ડને મળેલી ચોકકસ બાતમીના આધારે ગોધરા સફારી પાર્ક ખાતેથી ઝડપી પાડીને શહેરા પોલીસને સોંપવામાં આવ્યો છે.

શહેરા પોલીસ મથકના વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચારના ગુનાનો આરોપી રિયાજ રફીક મન્સુરી (રહે. ગોધરા) છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય પંચમહાલ જીલ્લા રેન્જ આઈ.જી. અને જીલ્લા પોલીસવડાની સુચનાથી પેરોલ ફલો સ્કવોર્ડ તપાસમાં હોય દરમિયાન બાતમી મળી હતી કે, આરોપી રિયાજ રફીક મન્સુરી ગોધરા સફારી પાર્કમાં વિસ્તારમાં નિવાસ સ્થાને હાજર છે. તેવી બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો અને આગળની કાર્યવાહી માટે શહેરા પોલીસ મથકને સોંપવામાં આવ્યો છે.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૪૨૬/૨૦૨૬, તા.૧૨/૦૩/૨૦૨૬
અરજદાર- શ્રી મોહનીયા મુકેશકુમાર માનસિંગભાઈ, રહે.ખજુર, તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી, ખજુર, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી મોહનીયા મુકેશકુમાર માનસિંગભાઈ તેમના પુત્ર-પુત્રી નામે (૧ )મોહનીયા ઉર્વશીબેન મુકેશકુમારનો જન્મ તા.૨૦/૧૨/૨૦૧૫ (૨)મોહનીયા પ્રતિકભાઈ મુકેશકુમાર નો જન્મ તા.૧૯/૦૬/૨૦૧૭ના રોજ તા.ખજુરી,જી.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર ડરેલ છે. અરજદારશ્રીના પુત્ર-પુત્રીના જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ખજુરી, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર-પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની ડોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૧૨ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૪૩૭/૨૦૨૬, તા.૧૨/૦૩/૨૦૨૬
અરજદાર- શ્રી મોહનીયા નરેશભાઈ દેવાભાઈ, રહે.ડોલરીયા, તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,ડોલરીયા, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી મોહનીયા નરેશભાઈ દેવાભાઈ તેમના પુત્ર-પુત્રી નામે (૧ )મોહનીયા મીત્તલબેન નરેશભાઈ જન્મ તા.૨૦/૦૯/૨૦૧૯ (૨)મોહનીયા શીત્તલબેન નરેશભાઈનો જન્મ તા.૨૫/૦૫/૨૦૨૧ના રોજ તા.ડોલરીયા,જી.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર ડરેલ છે. અરજદારશ્રીના પુત્ર-પુત્રીના જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ડોલરીયા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર-પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની ડોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૧૨ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૪૧/૨૦૨૬, તા.૨૫/૦૩/૨૦૨૬
અરજદાર- શ્રી સંગાડા ભારૂભાઈ નુરીયાભાઈ, રહે.ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી, ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી સંગાડા ભારૂભાઈ નુરીયાભાઈ તેમના પુત્ર-પુત્રી નામે શ્રી સંગાડા નારણભાઈ ભારૂભાઈનો જન્મ તા.૨૭/૧૨/૨૦૧૮ નારોજ મુ.ભોરવા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર ડરેલ છે. અરજદારશ્રીના પુત્ર-પુત્રીના જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર-પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની ડોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૨૫ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં.૪૧૪/૨૦૨૫, તા.૧૨/૦૩/૨૦૨૬
અરજદાર- શ્રી માવી બદીયાભાઈ તેરુભાઈ, રહે.ખજુરી, તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી, ખજુરી, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી માવી બદીયાભાઈ તેરુભાઈ તેમના પુત્રી નામે શ્રી માવી લીલાબેન બદીયાભાઈ નો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૪ નારોજ મુ.ખજુરી, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર ડરેલ છે. અરજદારશ્રીના પુત્રીના જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ખજુરી, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની ડોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૧૨ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.181

# પંચમહાલ જીલ્લાના મોરવા હડફ ખાતે આદિજાતિ મોરચાના પ્રમુખ ભરત રાઠવાએ મોરવા (હ) વિધાન સભામાં રહેતા તાલુકા, જીલ્લા, પ્રદેશના હોદ્દેદારો સાથે બેઠક યોજી



મોરવા(હ),
આ પરિચય બેઠકમાં તાલુકા પંચાયત જીલ્લા પંચાયત ચુટણી માટેની અગત્યની બેઠકમાં આદિજાતિ મોર્ચાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં જીલ્લા સંગઠન મહામંત્રી નરેન્દ્રભાઈ ગોહિલ તેમજ જીલ્લા મંત્રી અને મોરવાહડફ ના પ્રભારી ડો.યોગેશ પડ્યા તેમજ ઉપ પ્રમુખ રણજીતસિંહ ચૌહાણ આદિજાતિ મોર્ચા પ્રભારી તખતસિંહ પટેલ પ્રદેશ કોષાધ્યક્ષ તેમજ મોરવા તાલુકા પ્રમુખ સંગઠન મંત્રી તેમજ સૌ સંગઠન ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

આ બેઠક માં મોરવા હડફની તમામ સીટો કબજે કરવા દરેક કાર્યકરો એ અલગ અલગ જવાબદારી લય ગ્રાઉન્ડ પર જય ભાજપ સરકારના કામો ઘરે ઘરે જય વિકાસની વાતો ખાટલા બેઠક કરીને દરેક બુથ જંગી બહૂમતિથી જીતાડવવા કાર્યકરોને મેદાને ઉતરવા માટે નું માર્ગદર્શન કર્યું હતું.

સરકારની અવનવી યોજનાઓ ગ્રાઉન્ડ પર અને વિકાસના કામના લીસ્ટ લય જય ને લોકો ને જાગ્રુત કરશે આદિજાતિ મોર્ચો આદિવાસી સમાજ હવે કોંગ્રેસ આપના સુપડા સાફ કરશે. આદિવાસી સમાજ હંમેશા ભારતીય જનતા પાર્ટી સાથે રહ્યો છે અને આવનારા સમયમાં પણ રહેશે અને.મોરવા હડફના જે નાનામાં નાના કામ છે, પાયાના કામો છે. હજી પણ બાકી રહેલા કામો છે. એ પૂરજોશથી થાય એના માટે મોરવા હડફ તાલુકા અને વિધાનસભાની જનતાએ ભારતીય જનતા પાર્ટીને કમળને વોટ આપીને મોરવા હડફની તમામ સીટો ભારતીય જનતા પાર્ટી કમળને આપીને જંગી બહુમતી સાથે તાલુકા પંચાયત ભાજપની મજબુત બનાવશે અને વિકાસને વેગ આપશે.

# શહેરામાં નગર પાલિકાના ટાઉન હોલ ખાતે 'નારી સંમેલન' યોજાયું : મહિલા સશક્તિકરણ અને કાનૂની અધિકારો પર ભાર મૂકાયો...




શહેરા,
શહેરા તાલુકા પંચાયત કચેરી હસ્તકની આઈસીડીએસ શાખા દ્વારા નગરપાલિકા ટાઉન હોલ ખાતે જીલ્લા ભાજપ મહામંત્રી જીગ્નેશ પાઠકના અધ્યક્ષ સ્થાને ભવ્ય નારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહિલા સુરક્ષા અને સરકારી યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

શહેરા તાલુકા પંચાયત કચેરી હસ્તકની આઈસીડીએસ શાખા દ્વારા સ નગરપાલિકા ટાઉન હોલ ખાતે ભવ્ય 'નારી સંમેલન' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં મહિલાઓની સક્રિય ભાગીદારી વધારવાનો અને તમન તમના કાનૂના આધકારા પ્રત્યે જાગૃત કરવાનો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ જીગ્નેશભાઈ પાઠક, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મગનભાઈ પટેલીયા, તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેન્દ્રસિંહ પટેલ, મામલતદાર ધર્મેન્દ્ર પટેલ, સી.ડી.પી.ઓ. સુમનબેન પટેલ તેમજ સખી વન સ્ટોપ સેન્ટરના પ્રતિનિધિ કલ્પનાબેન સહિત મહાનુભાવા દ્વારા દાપ પ્રજવાલત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સંમેલનમાં ઉપસ્થિત અગ્રણી મહિલાઓ તથા મહાનુભાવોએ ઉપસ્થિત મહિલાઓને પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું. વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજના યુગમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે, ત્યારે તેમના કાનૂની અધિકારોની જાણકારી હોવી અત્યંત આવશ્યક છે. 'અભયમ' ટીમ દ્વારા મહિલા સુરક્ષા અને મદદ મેળવવાની પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. મહિલા સશકિતકરણના વિવિધ પાસાઓ પર યોગીનીબેન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સી.ડી.પી.ઓ. સુમનબેન પટેલના માર્ગદર્શન હેઠળ આયોજીત આ સંમેલનને સફળ બનાવવા માટે આઈસીડીએસ વિભાગના તમામ સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મહિલાઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ૧૦૦ માં વર્ષના ઉજવણી સ્વરૂપે ગોધરા નગરમાં RSS દ્વારા ભવ્ય પથ સંચલન નીકળ્યું



ગોધરા,
ગોધરાના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦માં વર્ષ ની ઉજવણી અનુસંધાને ભવ્ય પથ સંચલન કાઢવામાં આવ્યું હતું. વ્યકિત નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના ભગીરથ કાર્યમાં લાખો સ્વયંસેવકો અને જાહેર સમાજ જીવન સાથે સેવા કાર્યો અને રાષ્ટ્ર કાર્યમાં યોગદાન આપી રહ્યા છે. આ સંદર્ભે ગોધરાના ચાંદની ચોક ખાતેથી પથ સંચાલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોધરા નગરમાં પ્રભા રોડ થી લઈ પુષ્ટિમાર્ગ સર્કલ થી ચાંચર ચોક થી બસસ્ટેન્ડ રોડ, અંકલેશ્વર મહાદેવ થઈ પરત ચાંદની ચોક ખાતે આપત સંચાલન કરવામાં આવ્યું હતું. પંચમહાલ જીલ્લાના સંઘચાલકજી રાજુભાઈ જોશી તથા ગોધરા નગરના સંચાલક ભરતભાઈ સોલંકી દ્વારા ડોકટર હેડગેવારના ફોટા તથા પરમ પૂજ્ય ભગવા દ્વજનું પૂજન કરી આ પથ સંચલન કાઢવામાં આવ્યું હતું. પથ સંચલન એટલે હિન્દુ નવ વર્ષ અને સાથે એક શક્તિ પ્રદર્શન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા કરવામાં આવે છે.

# ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના પશુ અત્યાચાર ગુનાના વોન્ટેડ આરોપીને એલ.સી.બી.એ ઝડપ્યો

ગોધરા,
પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં પશુ અત્યાચારના ગુનામાં લાંબા સમયથી ફરાર વોન્ટેડ આરોપી ફુરકાન ફારૂક પટેલને LCBએ ૨૫ માર્ચે ઝડપી પાડ્યો છે. આરોપીને સીમલા રોડ પર આવેલી તેની દુકાન પાસેથી દબોચી લેવામાં આવ્યો હતો.

પંચમહાલ-ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી અને પોલીસ અધિક્ષક ડો. હરેશભાઈ દુધાત દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓના આધારે LCBની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી.

LCB ઈન્સ્પેક્ટર આર.એ. પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ તપાસ કરી રહી હતી. આ દરમિયાન, LCB કોન્સ્ટેબલ નરેશકુમાર કાન્તીલાલને ચોક્કસ બાતમી મળી હતી. બાતમી મુજબ, ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પશુ સંરક્ષણ અને પ્રાણી ક્રૂરતા અધિનિયમ હેઠળ નોંધાયેલા ગુનાનો આરોપી ફુરકાન ફારૂક પટેલ (રહે. કેપ્સુલ પ્લોટ, ગોધરા) સીમલા રોડ પર તેની દુકાને હાજર હતો. આ બાતમીના આધારે, LCBની ટીમે તાત્કાલિક વોચ ગોઠવી અને આરોપી ફુરકાન પટેલને તે જ સ્થળેથી ઝડપી પાડ્યો. આરોપીની અટકાયત કરીને તેને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યો છે.

# શહેરાની શિવમ સોસાયટીમાં બ્રહ્માકુમારીઝના નવનિર્મિત જ્ઞાનગંગા ભવનનો ભવ્ય ઉદઘાટન સમારોહ સંપન્ન

**માઉન્ટ આબુના રાજયોગીની ઉષા દીદીના વરદ હસ્તે શહેરામાં જ્ઞાનગંગા ભવનનો ભવ્ય ઉદઘાટન સમારોહ સંપન્ન.**



શહેરા,
શહેરા નગરના શિવમ સોસાયટી ખાતે બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નવનિર્મિત જ્ઞાનગંગા ભવનનો ભવ્ય ઉદઘાટન સમારોહ સંપન્ન થયો હતો. આ પ્રસંગે આધ્યાત્મિક વાતાવરણ અને ભક્તિમય માહોલ વચ્ચે માઉન્ટ આબુ સ્થિત ગુરૂશિખરના પ્રશિક્ષિકા અને મેનેજમેન્ટ ટ્રેનર રાજયોગીની બ્રહ્માકુમારી ઉષા દીદીએ વિધિવત ફળ વધેરી અને રીબીન કાપીને નૂતન ભવનનું ઉદઘાટન કર્યું હતું.

શહેરા નગરના શિવમ સોસાયટી ખાતે બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના જ્ઞાનગંગા ભવન નો ભવ્ય ઉદઘાટન સમારોહમાં આધ્યાત્મિકતાનો અનેરો સંગમ જોવા મળ્યો હતો. નવનિર્મિત જ્ઞાનગંગા ભવનના ઉદઘાટન પ્રસંગે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ અને ભાઈ-બહેનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ અને ઉદઘાટક તરીકે રાજસ્થાનના માઉન્ટ આબુ સ્થિત ગુરૂશિખરના પ્રશિક્ષિકા તેમજ જાણીતા મેનેજમેન્ટ ટ્રેનર રાજયોગીની બ્રહ્માકુમારી ઉષા દીદી ઉપસ્થિત રહ્યા હતા. તેમના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ફળ વધેરી અને મંગલ રીબીન કાપીને નૂતન ભવનમાં પ્રવેશ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમની વિધિવત શરૂઆત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ અવસરે વડોદરા સબ ઝોન ઈન્ચાર્જ રાજયોગીની ડો. નિરંજના દીદી, અમદાવાદ સુખ શાંતિ ભવનના અમર દીદી, પંચમહાલ-દાહોદ-મહીસાગર જીલ્લાના સંચાલિકા સુરેખા દીદી, તેમજ શહેરા સેવા કેન્દ્રના સંચાલિકા રતન દીદી અને જયા દીદી મંચસ્થ રહ્યા હતા. ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને ફૂલોના બુકે આપીને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજયોગીની ઉષા દીદીએ પ્રેરક ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, આ જ્ઞાનગંગા ભવન માત્ર એક ઈમારત નથી, પરંતુ માનવ મનને શાંતિ અને સાચી દિશા આપનારી પાઠશાળા સાબિત થશે. આજના તણાવપૂર્ણ સમયમાં રાજયોગ અને આધ્યાત્મિક જ્ઞાન દ્વારા જ જીવનમાં સુખ-શાંતિ મેળવી શકાય છે. અન્ય વક્તાઓએ પણ આ કેન્દ્ર દ્વારા શહેરા અને આસપાસના વિસ્તારમાં નૈતિક મૂલ્યોનું સિંચન થશે તેવી આશા વ્યક્ત કરી હતી.આ સમારોહમાં ડો.અજય ભાવસાર ,નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મુકેશ દેસાઈ,ગુજરાત રાજ્ય એકતા પરિષદના પંચમહાલ જીલ્લાના પ્રમુખ પ્રદીપભાઈ સોની અને ગોધરા લાયન્સ કલબના પ્રમુખ કેતકીબેન સોની સહિત નગરના અગ્રણી નાગરિકો, સામાજીક કાર્યકરો અને મોટી સંખ્યામાં બ્રહ્માકુમારીઝ પરીવાર સાથે મોટી સંખ્યામાં વિવિધ ગામોમાંથી લોકો ઉપસ્થિત રહ્યા હતા.આ સમગ્ર ભવ્ય સમારોહનું સફળ અને મનમોહક સંચાલન માઉન્ટ આબુથી પધારેલા કવિ બ્રહ્માકુમાર વિવેકભાઈએ અત્યંત પ્રભાવશાળી અને આકર્ષક શૈલીમાં કર્યું હતું.સમગ્ર વાતાવરણ ઓમ શાંતિના ગુંજારવથી ભક્તિમય બની ગયું હતું. અંતમાં સૌએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

# ગોધરાના પઢીયાર ગામે રૂા. ૨.૮૩ લાખના ખર્ચે હલકી ગુણવત્તાથી બનેલા નાળાના પોપડા ઉખડતા પોલ ખુલી

ગોધરા,
કેન્દ્ર અને રાજ્ય સરકાર વિકાસના દાવાઓ કરી રહી છે, ત્યારે પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના પઢીયાર ગામમાં સરકારી નાણાંનો સરેઆમ દુરૂપયોગ સામે આવ્યો છે. પઢીયાર ગામે સ્મશાન રોડ પર અવર-જવર માટે બનાવેલા નાળાના કામમાં વ્યાપક ગેરરીતિઓ આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ડિસેમ્બર ૨૦૨૫માં અંદાજે રૂા. ૨,૮૩,૪૩૦ના ખર્ચે પૂર્ણ દર્શાવાયેલું આ નાળું ૩ માસમાં જ જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયું છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, પાયા વગર અને અત્યંત હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરીને બનાવાયેલું આ નાળું ગમે ત્યારે તૂટી શકે તેમ હોવાથી ચોમાસામાં જીવલેણ અકસ્માત સર્જાવાની પૂરેપૂરી ભીતિ છે.

આ સમગ્ર કૌભાંડમાં સૌથી ગંભીર બાબત એ છે કે, ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૩૦ અને ૫૭નો સરેઆમ ભંગ કરવામાં આવ્યો છે. કાયદા મુજબ કોઈપણ પદાધિકારી પંચાયતના કામોમાં પોતાનું આર્થિક હિત રાખી શકતા નથી, તેમ છતાં મેરી પંચાયત એપના ડિજીટલ પુરાવા મુજબ આ નાળાના કામનું પેમેન્ટ મંજૂર કરનાર અને નાણાં મેળવનાર બંને એક જ વ્યકિત એટલે કે ગામના સરપંચ રાઉલજી હરેન્દ્રસિંહ રામસિંહ પોતે જ છે. સત્તાના દુરૂપયોગના આ સ્પષ્ટ પુરાવા છતાં, ટેકનિકલ અધિકારીઓએ સ્થળ તપાસ કર્યા વિના જ નબળા કામનું પેમેન્ટ કેવી રીતે પાસ કર્યું તે પણ એક મોટો સવાલ છે. અગાઉ પણ પઢીયાર ગામમાં અવિશ્વાસની દરખાસ્ત, સ્વચ્છતા અને પીવાના પાણી જેવા પ્રશ્નો અંગે તંત્રને રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. જેથી રોષે ભરાયેલા ગ્રામજનોએ હવે આ નાળાના ભ્રષ્ટાચાર અંગે તમામ ડિજીટલ પુરાવાઓ સાથે રાજ્ય તકેદારી આયોગમાં લેખિત ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી છે. હવે જોવું રહ્યું કે, જીલ્લા વહીવટી તંત્ર કડક કાર્યવાહી કરે છે કે ભ્રષ્ટાચાર સામે આંખ આડા કાન કરે છે.

# કાલોલ નગરમાં RSS દ્વારા વર્ષપ્રતિપદા ઉત્સવની ઉજવણી : શિસ્તબદ્ધ પથ સંચલન યોજાયું



કાલોલ,
તાજેતરમાં મંગળવારના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) કાલોલ નગર દ્વારા હિન્દુ નૂતન વર્ષના પ્રથમ ઉત્સવ એવા 'વર્ષપ્રતિપદા ઉત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વયંસેવકો દ્વારા શિસ્તબદ્ધ રીતે પથ સંચલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તાઃ આ કાર્યક્રમમાં જીલ્લા શારીરિક પ્રમુખ જયભાઈ ભટ્ટ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.પથ સંચલનઃ શહેરના સુવર્ણ હોલ ના પટાંગણમાંથી પથ સંચલનનો પ્રારંભ થયો હતો, જે નગરના વિવિધ માર્ગો પર ફર્યું હતું. ઘોષ વાદકોના સુરેલા નાદ સાથે શ્વેત વસ્ત્રો અને પૂર્ણ ગણવેશમાં સજ્જસ્વયંસેવકોના શિસ્તબદ્ધ સંચલને આકર્ષણ જમાવ્યું હતું. આ કાર્યક્રમને નિહાળવા માટે નગરની બહેનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.વર્ષપ્રતિપદા એટલે કે ચૈત્ર સુદ એકમના દિવસે સંઘ દ્વારા આદ્ય સરસંઘચાલક ડો. હેડગેવારજીના જન્મજયંતી નિમિત્તે આ ઉત્સવ ઉજવવામાં આવે છે. કાલોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જયભાઈ ભટ્ટે રાષ્ટ્રવાદ અને સંગઠન શક્તિ પર ભાર મૂક્યો હતો. પથ સંચલન દરમિયાન નગરજનોએ ઠેર-ઠેર સ્વયંસેવકોનું અભિવાદન કર્યું હતું. કાર્યક્રમના અંતે શિસ્ત અને સંસ્કારના દર્શન સાથે ઉત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

# ગોધરા ભુરાવા જૈન સમ્રાટ સોસાયટીમાં બે મહિનાથી પાણીની સમસ્યાને લઈ સ્થાનિક મહિલાએ પાલિકા કચેરી પહોંચી ફાટલા ફોડી વિરોધ કર્યો

ગોધરા,
ગોધરા ભુરાવાવ વિસ્તારમાં આવેલ જૈન સમ્રાટ સોસાયટીના રહિશો છેલ્લા બે માસથી પાણીનો પુરવઠો મળતો ન હોય સ્થાનિકો દ્વારા નગર પાલિકામાં અવારનવાર રજુઆત કરવામાં આવી હોય તેમ છતાં પાણીની સમસ્યા હલ નહિ કરતા મહિલાઓ પાલિકામાં રજુઆત માટે પહોંચી હતી. અધિકારી નહી મળતા મહિલાઓમાં રોષ જોવા મળ્યો હતો.

ગોધરા ભુરાવાવ વિસ્તારમાં આવેલ જૈન સમ્રાટ સોસાટીના રહિશો છેલ્લા બે માસથી પાણીનો પુરવઠો મળતો ન હોય પાણીની સમસ્યાને લઈ સ્થાનિકો દ્વારા નગર પાલિકામાં અવાર નવાર રજુઆત કરવામાં આવી હતી. તેમ છતાં પાણીની સમસ્યાનો ઉકેલ આવ્યો ન હતો. જૈન સમ્રાટ સોસાયટીના ૨૦૦ ઉપરાંત રહિશો પાણી નહિ મળવાથી હાલાકી ભોગવી રહ્યા હોય તેમ છતાં પાલિકા તંત્ર પાણીની સમસ્યાનો ઉકેલ નહિ લાવતાં સોસાયટીની મહિલાઓ આજરોજ ગોધા નગર પાલિકા કચેરી રજુઆત માટે પહોંચી હતી અને રોષે ભરાયેલી મહિલાઓએ પાલિકા કચેરીમાં માટલા ફોડી સુત્રોચ્ચાર કરી પાલિકા સત્તાધિશો સામે રોષ વ્યકિત કર્યો હતો. જૈન સમ્રાટ સોસાયટીની પાણીની સમસ્યાનો હલ નહિ કરવામાં આવે તો આગામી ચુંટણીમાં મતદાન બહિષ્કારની ચિમકી ઉચ્ચારી છે.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૨૪૫/૨૦૨૬ તા.૨૩/૦૩/૨૦૨૬
અરજદારઃ અમલીયાર હિમાભાઈ ભુરાભાઈરહે. ગડોઈ, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ગડોઈ, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી અમલીયાર હિમાભાઈ ભુરાભાઈ ના પૌત્ર નામે અમલીયાર તકદીરભાઈ ભાવેશભાઈનો જન્મ તા.૨૩/૦૭/૨૦૨૩ ના રોજ ગડોઈ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પૌત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગડોઈ, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પૌત્રનો જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ગડોઈ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૨૩ માંહે : માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
-સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૧૦૯૩/૨૦૨૬ તા.૨૪/૦૩/૨૦૨૬
અરજદારઃ રોઝ સામાભાઈ શકરાભાઈ રહે. રાછરડા, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, રાછરડા, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી રોઝ સામાભાઈ શકરાભાઈ ના પૌત્ર નામે રોઝ ઉમેશભાઈ કનુભાઈ જન્મ ૧૨/૦૬/૧૯૯૮ના રોજ રાછરડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પૌત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, રાછરડા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમનાપૌત્રનો જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,રાછરડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૨૪ માંહે : માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
-સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૨૧/૨૦૨૬, તા.૧૨/૦૩/૨૦૨૬
અરજદાર- શ્રી પસાયા દિનેશભાઈ માધુભાઈ, રહે.ડુમકા, તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,ડુમકા, તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી પસાયા દિનેશભાઈ માધુભાઈ તેમના માતા નામે શ્રી પસાયા સામલીબેન માધુભાઈ નો મરણ તા.૦૪/૧૦/૧૯૯૪ નારોજ મુ.ડુમકા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર ડરેલ છે. અરજદારશ્રીના માતાના મરણ થયેલ ત્યારે મરણ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ડુમકા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના માતાના મરણના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની ડોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૧૨ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૪૪૭/૨૦૨૫, તા.૧૨/૦૩/૨૦૨૬
અરજદાર- શ્રી વહુનિયા કનાભાઈ વસનાભાઈ, રહે.કાકડખીલા, તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,કાકડખીલા,તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી વહુનિયા કનાભાઈ વસનાભાઈ તેમના પુત્ર-પુત્રી નામે (૧ )વહુનિયા કાળાભાઈ કનાભાઈનો જન્મ તા.૨૨/૦૯/૨૦૧૦ (૨)વહુનિયા ધોળાભાઈ કનાભાઈનો જન્મ તા.૨૦/૦૩/૨૦૧૫ના રોજ મુ.કાકડખીલા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર ડરેલ છે. અરજદારશ્રીના પુત્ર-પુત્રીના જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.કાકડખીલા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર-પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની ડોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૧૨ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર